GJJN220001702026

सत्य मेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ : | તા.૦૩/૦૬/૨૦૨૬. |
| નોંધ તારીખ : | તા.૦૩/૦૬/૨૦૨૬. |
| ફેંસલ તારીખ : | તા.૧૦/૦૬/૨૦૨૬. |
| અવધિ : | વર્ષ માસ દિવસ |
| | ૦૦ ૦૦ ૦૭ |

**વંથલીના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.વંથલી.**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર : ૭૯/૨૦૨૬</u>**

**આંક**

**સાહીલશા ઉર્ફે ઈરફાનશા ચીનગીશા ઉર્ફે અમીનશા બાનવા,** **અરજદાર**
ઉ.વ.આ. ૨૮, ધંધો–ડ્રાઈવીંગ,
રહે. હે.મચ્છીયારા ફળી, વામનજી ચોક,
મુ.વંથલી, તા.વંથલી, જી.જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ જુનાગઢ.

**<u>વિરુધ્ધ</u>**

સ્ટેટ ઓફ ગુજરાત **સામાવાળા**

**<u>બાબત :</u>** બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મળવા બાબત.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

એડવોકેટસ : અરજદાર તરફે વિ.વકીલશ્રી વી.યુ. વદર
સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી જે.એમ. દેવાણી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**ઠ રા વ**

(૧) આ કામના અરજદાર/આરોપીએ હાલની આ અરજી વંથલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૬૮૨૬૦૦૭૯/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૧૫(૨), ૫૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે અરજદાર/આરોપીને તા.૭/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરી નીચેની કોર્ટમાં રીમાન્ડની માંગણી સાથે રજુ કરતા, રીમાન્ડ સમય પૂર્ણ થતા તેઓને જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ છે અને ત્યાર બાદ આ કામે તપાસ પૂર્ણ થઇ જતા તા.૩૦/૪/૨૦૨૬ ના રોજ ચાર્જશીટ નીચેની કોર્ટમાં રજુ કરી દીધેલ છે જે ફો.કે.નં. ૨૩૮/૨૦૨૬ થી નોંધાયેલ છે અને ત્યાર બાદ તા.૧૬/૫/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટમાં કેસ કમીટ કરી મોકલી આપતા કે સેશન્સ કેસ નં. ૧૧/૨૦૨૬ થી પેન્ડીંગ છે અને તેઓની આ પ્રથમ જામીન અરજી હોવાનું જણાવી હાલની આ અરજી દાખલ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામે તપાસ પૂર્ણ થઇ જતા સેશન્સ કેસ નામ.કોર્ટમાં પેન્ડીંગ છે અને ફરીયાદપક્ષે મદદ કરતા સાક્ષી પંચો સાહેદોને કોઇને ધાક ધમકી કે લાલચ પ્રલોભન આપવાનો પ્રશ્ન નથી, ચાર્જશીટ જોતા ફરીયાદ પાંચ કલાકના વિલંબ બાદ થયેલ છે અને તેનો ખુલાસો કરેલ નથી. ફરીયાદ જોતા અરજદાર સામે ચાર્જશીટમાં આક્ષેપ જોતા અરજદાર/આરોપીએ મરણજનાર કે સાહેદને કોઇ લોખંડના પાઇપ વડે મુંઢ માર મારેલ હોવાની કે તેથી મરણજનાર કે સાહેદને કોઇ ઇજાઓ થયેલ હોવાની હકીકત ખરી નથી, કહેવાતા ગુનામાં અરજદાર/આરોપી પાસેથી કોઇ લોખંડનો પાઇપ કબ્જે કરેલ નથી, કબ્જે કરવામાં આવેલ કપડામાં કોઇ લોહીના ડાઘ મળી આવેલ નથી, ખરી હકીકતે કહેવાતા બનાવ સમયે તેઓ બનાવવાળા સ્થળે હાજર ન હતા તેમ છતા તેમના ઉપર ખોટા આક્ષેપો કરી ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. આ કામના સાહેદ અબ્દુલ ઉર્ફે સકીલભાઇ રજાકભાઇ જેઠવાએ ડોકટર સમક્ષના નીવેદનમાં આરોપીએ કોઇ ઇજા પહોંચાડેલ હોય કે કોઇ ભાગ ભજવેલ હોય કે બનાવવાળી જગ્યાએ હાજર હોય તેવું જણાવેલ નથી. ડીસ્કવરી પંચનામુ જોતા તેમની પાસેથી કોઇ હથીયાર કબ્જે થયેલ નથી, જેથી અરજદાર/આરોપીએ ગુનામાં કોઇ ભાગ ભજવેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી, તેમ છતા તેઓને

આરોપી નં. ૪ તરીકે ખોટી રીતે સંડોવી દીધેલ છે. નામ.ગુજરાત હાઇકોર્ટના ''જામીન એ નિયમ અને જેલ એ અપવાદ'' ના માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લઇ જામીન મુકત કરવા અરજ કરેલ છે. તેઓ નાની ઉંમરના વ્યકિત છે, પરીવારની જવાબદારી તેમના શીરે છે, નાના બાળકો હોય તેની દેખભાળ રાખી શકે તેમ કોઇ ન હોય અને પરીવારનું ધ્યાન રાખી શકે તેવું કોઇ ન હોય તેમજ તેઓ એક માત્ર કમાનાર વ્યકિત હોય જો તેઓને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો તેઓને પ્રી–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે અને તેઓને આર્થીક રીતે ઘણી મોટી બેહાલી ભોગવવી પડે તેમ છે તથા સામાજીક માન મર્યાદા અને ઈજજત આબરુને ઠેસ પહોંચે તેમ હોય જેથી પણ જામીન મુકત કરવા અરજ કરેલ છે. તેઓ વંથલી તાલુકાના વંથલી ગામના રહેવાસી છે, સ્થાવર જંગમ મિલ્કત ધરાવે છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી, નામ.અદાલત ફરમાવે તેવા જામીન આપવા અને ફરમાવે તેવી તમામ શરતોનું પાલન કરવા તૈયાર હોય, રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૨) અરજી અનુસંધાને સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે અને વંથલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડી.સી.માઢક હાજર થયેલ છે અને આંક–૧૧ થી જામીન અરજીના વિરોધમાં સોગંદનામુ રજુ કરેલ છે જે ધ્યાને લીધું. મુળ ફરીયાદી તરફે આંક–૬ થી રજુ થયેલ વાંધા–જવાબ ધ્યાને લીધાં.

(૩) અરજદાર તરફે તરફે તેમના વિ.વકીલશ્રીને સાંભળ્યાં તથા સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીને સાંભળ્યાં તથા સાધનીક કાગળો વંચાણે લીધાં.

(૪) આ કામે અરજદાર/આરોપીના વકીલશ્રીએ અરજી મુજબની દલીલ કરી, જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે. જયારે સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી.શ્રીએ વંથલી પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ.શ્રીએ રજુ કરેલ સોગંદનામાની હકીકત ધ્યાને લઇ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના ફરીયાદીના દીકરા મરણજનાર

તાજીમને આ કામના આરોપી રફીકશાની દીકરી ઈકરાના સાથે પ્રેમસબંધ હોય જે બાબતનો ખાર રાખી, આરોપી રફીકે તાજીમને લાકડાના ધોકા વડે માથાના ભાગે માર મારી જીવલેણ ઈજાઅખો કરી તથા આરોપી નં. ૨ તથા ૩ તથા ૪ નાએ લોખંડના સળીયા તથા છરી વડે મરણજનારને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી તથા સાહેદ શકીલને શરીરે સળીયા વડે ઈજાઓ કરી, એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આવા ગંભીર પ્રકારના ગુનામાં આરોપીને સહેલાઈથી જામીન મળી જશે તો ફરીથી આવા ગુનાઓ આચરતા રહેશે તેમજ પુરાવાનો નાશ કરશે. આરોપીએ સહેલાઈથી જામીન મુકત કરવાથી આમ જનતામાં પણ વીપરીત અસર પડશે અને આવા ગુનેગારોને ગુનો કરવા પ્રોત્સાહન મળે તેમ છે. ફરીયાદી તથા આરોપીઓ એક જ ગામના હોય એક જ સમાજના હોય જેથી આમનો સામનો થવાની પુરતી શકયતાઓ છે. આરોપી ખુબ જ જનુની સ્વભાવના હોય ફરીયાદી તથા સાહેદોને ડરાવી ધમકાવી તોડવા ફોડવાના પ્રયત્નો કરી, કેસને નુકશાન કરે તેવી શકયતા છે તેમજ સુલેહ શાંતીનો ભંગ થવાની શકયતા છે જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે વંથલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૩૦૬૮૨૬ ૦૦૭૯/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૧૦૩(૧), ૧૧૫(૨), ૫૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે આરોપીને તા.૭/૦૨/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યાર બાદ સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ જતા તા.૩૦/૪/૨૦૨૬ ના રોજ ચાર્જશીટ રજુ થઈ જતા નીચેની અદાલતે સદર કેસ કમીટ કરી અત્રેની કોર્ટમાં મોકલી આપતા તે સેશન્સ કેસ નં. ૧૧/૨૦૨૬ થી દાખલ થયેલ છે. આ કામની ફરીયાદ હકીકત જોવામાં આવે તો આ કામના ફરીયાદીના દીકરા મરણજનાર તાજીમને આ કામના આરોપી રફીકશાની દીકરી ઈકરાના સાથે પ્રેમસબંધ હોય જે બાબતનો ખાર રાખી, આરોપી રફીકે તાજીમને લાકડાના ધોકા વડે માથાના ભાગે માર મારી જીવલેણ ઈજાઅખો કરી તથા આરોપી નં. ૨ તથા ૩ તથા ૪ નાએ લોખંડના સળીયા તથા છરી વડે મરણજનારને માથાના ભાગે

ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી તથા સાહેદ શકીલને શરીરે સળીયા વડે ઈજાઓ કરી, એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. આ ગુનાના કામના આરોપી રફીકશા તથા અરબાજશા તથા અકરમશા તથા હાલના આરોપી સાહીલશા ઉર્ફે ઈરફાનશાએ પોતાની પાસે રહેલ હથીયારો વડે મરણજનારના માથામાં તથા મોઢાના ભાગે જીવલેણ ઈજાઓ કરેલ છે તથા હાલના આરોપીએ સાહેદ અબ્દુલ ઉર્ફે સકીલભાઈને ડાબા હાથમાં તથા ડાભા પગમાં ઈજા પહોંચાડેલ હોવાનું પોલીસ પેપર્સ જોતા જણાય આવે છે. તપાસ દરમ્યાન આરોપીઓ બનાવવાળી જગ્યાએ ગયેલ હોય જેથી આરોપીના ઘરથી બનાવવાળી જગ્યાએ જવાના રસ્તામાં આવતા સી.સી.ટીવી કેમેરા જોતા તેઓના હાથમાં હથીયારો લઈ બનાવવાળી જગ્યા તરફ ચાલીને જતા સ્પષ્ટ જોવામાં આવેલ હોવાનું તપાસમાં ખુલવા પામેલ છે. વધુમાં આરોપીના મોબાઈલ નંબરની સી.ડી.આર. મંગાવતા હાલના આરોપી બનાવ વખતે વંથલી ખાતે હાજર હોવાનું જણાય આવેલ છે અને તેથી આરોપીએ તેની અરજીમાં તેઓ બનાવ સ્થળે બનાવ સમયે હાજર ન હતાં અને તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાની જે હકીકત જણાવેલ છે તેમાં તથ્ય જણાય આવતુ નથી.આ કામના મરણજનારને હાલના આરોપી તથા અન્ય સહ આરોપીઓએ જીવલેણ હથીયાર ધારણ કરી ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવેલ હોવાનો ગંભીર ગુનો આચરેલ હોવાના આક્ષેપો છે અને ગુનાની તપાસ દરમ્યાન હાલના બનાવમાં આરોપીની હાજરી બનાવ સ્થળે હોવાનું અને તેમની પાસેથી ગુનામાં વપરાયેલ હથીયાર કબ્જે લીધેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે આવા ગંભીર પ્રકારના ગુનામાં જામીન મુકત કરી શકાય નહી. આ કામે તપાસ પૂર્ણ થઈ જતા ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે અને કેસ કમીટ થઈ જતા તે અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નંબરથી નોંધાયેલ છે, પરંતુ આરોપીનો ગુનામાં રોલ તથા ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તેઓને જામીન મુકત કરવાનું ન્યાયોચીત જણાય આવતુ નથી. આ કામના ફરીયાદી તથા સાહેદો તથા આરોપી એક જ ગામમાં રહેતા હોય અને જામીન મુકત કરવાથી ફરી કોઈ ગુનો થવાની શકયતા નકારી શકાય તેમ નથી તેમજ ટ્રાયલ દરમ્યાન સાહેદોને તોડવા ફોડવાની કોશિષ કરી

ફરીયાદપક્ષના કેસને નુકશાન કરે તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી, જે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબની ન્યાયીક વિવેકબુધ્ધિની સત્તા વાપરવાનું યોગ્ય અને ન્યાયી જણાય આવતુ ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના અરજદાર/આરોપી **સાહીલશા ઉર્ફે ઇરફાનશા ચીનગીશા ઉર્ફે અમીનશા બાનવા,** રહે. વંથલી, તા.વંથલી, જી.જુનાગઢ નાઓની બી.એન. એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની જામીન અરજી આથી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૦મી, માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

વંથલી.

તા.૧૦/૦૬/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**